

# SAKHIYA SKIN CLINIC®


**INDIA'S NO.1 SKIN CLINIC CHAIN**





# લેસર શું છે?

લેસર એ વિશિષ્ટ ઉપકરણ છે જે પ્રકાશના કેન્દ્રિત બીમ ઉત્પન્ન કરે છે. ત્વચાની સારવારમાં લેસરનો ઉપયોગ કરચલીઓ, ડાઘ, અનિચ્છનીય વાળ અથવા વિકૃતિકરણ જેવી ત્વચાની ચોક્કસ સમસ્યાઓને દૂર કરવા માટે થાય છે.

સારવારને ધ્યાનમાં રાખીને લેસરનો તીવ્ર પ્રકાશ ક્ષતિગ્રસ્ત ત્વચાના કોષોને દૂર કરે છે, કોલાજનનું ઉત્પાદન વધારે છે અને વાળના ફોલિકલ્સનો નાશ કરે છે.







## લેસર સારવાર ખરેખર શું છે? અથવા લેસર ટ્રીટમેન્ટ કેવી રીતે કામ કરે છે?

લેસર સારવાર વિશે જાણવા માટે ઉત્સુક છો? એક વાક્યમાં સમજવું હોય તો લેસર એ તમારી ત્વચાનો સુપરહીરો છે જે તેના તીવ્ર પ્રકાશથી તમારી ત્વચાની કમીઓને દૂર કરે છે. જાણે એ તમારી ત્વચામાં કોઈ જાદુઈ મંત્ર ફૂંકે છે જેનાથી અનિચ્છનીય વાળ, પિગમેન્ટેશન, અને અન્ય તવચા સંબંધિત સમસ્યાઓ દૂર થાય છે. લેસર ટ્રીટમેન્ટના અગણિત ફાયદાઓ છે જે તમારા ચહેરા અને શરીરને વધુ સુંદર બનાવે છે.

તો બસ, આ બધા ફાયદાઓને ધ્યાનમાં રાખીને સખીયા સ્કિન ક્લિનિક અવિરત તમારી ત્વચાને તેજસ્વી બનાવવા માટે કામ કરે છે. અમારી લેસર ટ્રિટમેન્ટ્સના લિસ્ટમાં એક નજર નાખીયે:



# વેકસિંગ, શેવિંગ, અને પ્લકિંગના અંતહીન ચક્રથી કંટાળી ગયા છો?
## લેસર હેર રિમુવલ ના ફાયદાઓ વિષે જાણો અને લાંબા સમય સુધી સુંવાળી ત્વચા મેળવો.

## લેઝર ટ્રીટમેન્ટના પ્રકારો:

### ચાલો માહિતી મેળવીએ!

સખિયા સ્કિન ક્લિનિકમાં આપનું સ્વાગત છે, જ્યાં અમે તમારી ત્વચા સંભાળની તમામ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આધુનિક લેઝર ટ્રિટમેન્ટ્સ ઓફર કરીએ છીએ. અમારી લેઝર ટ્રીટમેન્ટની ચાર કેટેગરીઝમાં તમે વિચારો તે તમામ લેઝર ટ્રિટમેન્ટ્સ સમાવેશ થાય છે.

લેઝર હેર રીમૂવલથી લઈને પિગમેન્ટ કરેકશન સુધી, અને પાઇકો લેસરથી એનર્જી બેઝડ ડિવાઇસ સુધી, આ ટ્રિટમેન્ટ્સ ઉપયોગ કરીને તમારી ત્વચાની સમસ્યાઓ માટે અસરકારક અને સુરક્ષિત પરિણામોને સુનિશ્ચિત કરો.












## 01 લેઝર હેર રીમૂવલ









સખીયા સ્કિન ક્લિનિકમાં અમે ત્વચા સંભાળની વિવિધ જરૂરિયાતો અને ચિંતાઓને ધ્યાને રાખીને વ્યાપક શ્રેણીઓમાં અદ્યતન લેઝર ટ્રીટમેન્ટની સુવિધા પુરી પાડીયે છે. શું તમે વ્યક્તિગત અને વિશ્વસનીય લેઝર હેર રીમૂવલ ટ્રીટમેન્ટ શોધી રહ્યા છો? લેઝર થેરાપીની સંપૂર્ણ શ્રેણી સાથે ઊચ્ચતમ ધોરણની કાળજીની ગેરંટી સાથે અમારું ક્લિનિક તમારી સેવા માટે તત્પર છે.

રેઝરબર્ન્સ અને વેક્સિંગની મુશ્કેલીઓ ને અલવિદા કહો. કારણ કે લેસર હેર રિમૂવલ અણગમતા વાળ દૂર કરીને તમને મખમલ જેવી સુંવાળી ત્વચા આપે છે. લેસર ટ્રીટમેન્ટમાં તીવ્ર લાઇટ કિરણોના ઉપયોગથી અનિચ્છનીય વાળ દૂર કરવામાં આવે છે. આ લાઇટ વાળમાં પ્રવેશી તેની મૂળનો નાશ કરી તેને ફરીથી ઉગતા અટકાવે છે.

**લાભો:**

- રેઝર બર્ન્સ અને વેક્સિંગની મુશ્કેલીને અલવિદા કહો.
- લાંબા સમય સુધી સુંવાળી ત્વચા મેળવો.
- અંદરથી વધતા વાળ અને બળતરામાં ઘટાડો.

# વિવિધ લેઝર ટ્રિટમેન્ટ્સ:

સખિયા સ્કિન ક્લિનિકમાં બેદાગ ત્વચા સાથે ચમકવા માટે તૈયાર રહો. ડાયોડ, એન.ડી. યાગ, ટ્રિપલ વેવલેન્થ, એલેક્ઝાન્ડ્રાઇટ, અને આઈ.પી.એલ. જેવી આધુનિક લેઝર ટ્રીટમેન્ટ સાથે, ચમકદાર ત્વચાના અનુભવને સુનિશ્ચિત કરો. તેજસ્વી કાયાને હેલો કહો અને પિગમેન્ટેશનની ચિંતાઓને અલવિદા કહો-કારણ કે સુંદરતા અહીં શરૂ થાય છે!

## ડાયોડ:

ડાયોડ લેઝર ટ્રીટમેન્ટ કેન્દ્રિત લાઇટ કિરણોનો ઉપયોગ કરીને હેર રીમૂવલ અથવા ખીલ જેવી ત્વચા સંબંધી સમસયાઓ માટે બેસ્ટ છે. આ પદ્ધતિ ચોકસાઇભરી અને અસરકારક છે. ન્યૂનતમ અસ્વસ્થતા સાથે ત્વચાને તાજગી આપવાની આ એક લોકપ્રિય પસંદગી બની છે જેમાં ઝડપથી રૂઝ/સ્વસ્થતા આવે છે.

- **લાભો**
- એકદમ ચોકસાઇ સાથે કરવામાં આવતી આ ટ્રીટમેન્ટ ખાતરીપૂર્વકના પરિણામો આપે છે.
- ત્વચાની વિવિધ સમસ્યાઓ અને ચિંતાઓને ઉચ્ચ અસરકારકતા સાથે દૂર કરે છે.
- આ ટ્રીટમેન્ટમાં ન્યુનતમ અગવડતા સાથે નહીંવત આરામની જરૂર છે. તમારી દૈનિક ક્રિયાઓમાં કોઈ અડચણ નહિ આવે.

## ટ્રિપલ વેવલન્થ:

ટ્રિપલ વેવલેન્થ લેઝર ટ્રીટમેન્ટ ત્રણ અલગ અલગ લાઇટ વેવલેન્થનો ઉપયોગ કરીને વાળના ફોલિકલ્સ(મૂળ) ને અલગ અલગ ઊંડાઈથી ટાર્ગેટ કરે છે. જેથી ખૂબ જ અસરકારક હેર રિમૂવલ થાય છે જેની અસર લાંબા સમય સુધી રહે છે. આ ટ્રીટમેન્ટ વર્સેટાઈલ એટલે કે અલગ અલગ રીતે થઇ શકે એવી છે. તેથી વિવિધ ત્વચા અને વાળના પ્રકારો માટે શ્રેષ્ઠ પરિણામો આપે છે.

**લાભો:**

- વધુ અસરકારક: વાળના ફોલિકલ્સને અલગ અલગ ઊંડાઈથી ટાર્ગેટ કરે છે જેના લીધે વ્યાપક અને અસરકારક હેર રિમૂવલ થાય છે.
- વિવિધલક્ષી: આ ટ્રીટમેન્ટ તમામ પ્રકારની ત્વચા અને વાળને માટે યોગ્ય છે જેમ કે ઘાંટી ત્વચા તેમજ એકદમ પાતળી રૂંવાટી.
- ન્યુનતમ અગવડતા - અદ્યતન ટેક્નોલોજી અગવડતા દૂર કરે છે અને એક આરામદાયક ટ્રીટમેન્ટનો અનુભવ આપે છે.

## એલેક્ઝાન્ડ્રાઇટ:

એલેક્ઝાન્ડ્રાઇટ લેઝર ટ્રીટમેન્ટ વાળને ટાર્ગેટ કરવા માટે એક વિશિષ્ટ પ્રકારના લેઝરનો ઉપયોગ કરે છે. તે અસરકારક, ઝડપી છે અને મોટા વિસ્તારો જેમ કે પગ અને પીઠ પરના વાળ દૂર કરવા માટે શ્રેષ્ઠ છે. આ ટ્રીટમેન્ટના પરિણામો લાંબા સમય સુધી રહે છે.

- **લાભો**
- ગતિ - મોટા સ્પોટ સાઇઝના કારણે ટ્રીટમેન્ટ ઝડપથી પુરી થાય છે.
- અસરકારકતા - મોટા વિસ્તારોમાં વાળને અસરકારક રીતે દૂર કરવામાં નિષ્ણાત.
- સુરક્ષા - અન્ય પદ્ધતિઓની સરખામણીએ ઓછી અસ્વસ્થતા અને આડઅસર.

# પિગમેન્ટેશન
## માટે ચિંતીત છો?


## 02 પિગમેન્ટ લેઝર:

પિગમેન્ટની મુશ્કેલીઓને અલવિદા કહો કારણકે સખીયા સ્કિન ક્લિનિક લાવ્યું છે ઉત્કૃષ્ટ પીગમેન્ટ લેસર ટ્રીટમેન્ટ. અમારી આધુનિક ટ્રીટમેન્ટની પદ્ધતિઓ અનિચ્છનીય દાગ તેમજ કાળા ડાઘોને દૂર કરે છે અને તમને આપે છે ચમકતી અને નિખારેલી ત્વચા.

અમારી ટ્રીટમેન્ટ્સનો જાદુ અનુભવો અને પહેલા ક્યારેય ના જોઈ હોઈ એવી ચમકદાર ત્વચા મેળવો!

પિગમેન્ટ લેઝર ટ્રીટમેન્ટ વિશિષ્ટ લેઝરનો ઉપયોગ કરીને ત્વચામાં વધારાના પિગમેન્ટને ટાર્ગેટ કરે છે અને તોડી પાડે છે. જેનાથી ઉંમરના ડાઘ, તડકા દ્વારા થયેલા ડાઘ અને અસમાન ત્વચાના રંગ જેવી સમસ્યાઓનું નિરાકરણ આવે છે. આ ટ્રીટમેન્ટ અસરકારક, સુરક્ષિત છે અને સ્પષ્ટ, વધુ સમાન ત્વચા મેળવવામાં મદદ કરે છે. ક્યુસ્વિચ અને પીકો લેસર ઉપરાંત, અમે એન. ડી. યાગ પિગમેન્ટ લેઝર ટ્રીટમેન્ટ પણ આપીયે છે. ચાલો વધુ વિગતમાં સમજીએ:












## ક્યુસ્વિચ:

જિદ્દી પિગમેન્ટેશન? હવે નહીં! ક્યુસ્વિચ લેઝર તમને હેરાન કરતા જિદ્દી ડાઘોને ટાર્ગેટ કરે છે, અને ચમકતી, વધુ સમાન રંગની ત્વચાને બહાર લાવે છે. આ ટ્રીટમેન્ટ ટૂંકા પણ ઉચ્ચ-ઊર્જાવાળા લાઇટ પલ્સિસ દ્વારા ઉંમરના ડાઘ, તડકાના ડાઘ અને ફ્રેકલ્સ જેવા પિગમેન્ટેશનને ટાર્ગેટ કરીને તોડી પાડે છે.

**લાભો:**
- જિદ્દી પિગમેન્ટેશનને અસરકારક રીતે ટાર્ગેટ કરે છે.
- ત્વચાને વધુ ચમકતી અને સમાન રંગની બનાવે છે.
- ત્વચાના ખામીના દેખાવને ઘટાડી દે છે.

## પીકો લેસર:


ખીલના દાગ અને ઝીણી રેખાઓને અલવિદા કરવાનો સમય આવી ગયો છે! પીકો લેઝર ખૂબજ ટૂંકા સમયમાં તેનો જાદુ કરે છે અને તમારી ત્વચાને નવજાત બાલક જેવી તેજસ્વી ચમક આપે છે. આ ટ્રીટમેન્ટ અલ્ટ્રાશોર્ટ પલ્સિસ ઓફ લેઝર એનર્જીનો ઉપયોગ કરીને પિગમેન્ટેશન, ખીલના દાગ અને ઝીણી રેખાઓને ટાર્ગેટ કરી એને તોડી પાડે છે. તે કોલાજનનું ઉત્પાદન વધારીને ત્વચાને નવજીવન આપે છે.

**લાભો:**
- ખીલના દાગ અને ઝીણી રેખાઓ ઘટાડી નાખે છે.
- વધુ નરમ અને યુવાન દેખાતી ત્વચા આપે છે.
- ન્યૂનતમ ડાઉનટાઇમ સાથે ઝડપી અને અસરકારક પરિણામો.









# તમે તે મેળવવું પસંદ નથી કર્યું, પરંતુ તમે તેને દૂર કરવાનું પસંદ કરી શકો છો - **દાગ ટ્રીટમેન્ટ**

## 03 દાગ


સખિયા સ્કિન ક્લિનિકમાં દાગોને અલવિદા કહો, જ્યાં અમારી અદભૂત લેઝર ટ્રીટમેન્ટ્સ તમારા દાગોને દૂર કરવાનો ચમત્કાર કરે છે! અમારી નવીન પદ્ધતિઓ ચોકસાઇ સાથે દાગોને ટાર્ગેટ કરે છે, અને તેની નીચે છુપાયેલી સમાન, નિખારેલી ત્વચાને પ્રગટ કરે છે. દાગના લીધે તમે જીવનમાં પાછા ના પડો - અમારી મદદથી તમારો આત્મવિશ્વાસ અને તેજસ્વિતા પાછા મેળવો.




દાગ માટેની લેઝર ટ્રીટમેન્ટ કેન્દ્રિત પ્રકાશ(લાઈટ)નો ઉપયોગ કરીને દાગના દેખાવને ઘટાડે છે. આ લાઈટ દ્વારા તે કોલાજન ઉત્પાદનને ઉત્તેજિત કરીને ત્વચાના ટેક્સચરનું પુનઃનિર્માણ કરે છે. આ ટ્રીટમેન્ટ અસરકારક, સુરક્ષિત છે અને દાગના દેખાવને સુધારી શકે છે.

## ફ્રેક્શનલ સી.ઓ.ટુ લેઝર:

સમયને પાછળ ફેરવવા માટે તૈયાર છો? ફ્રેક્શનલ સી.ઓ.ટુ(CO2) લેઝર તમારી ત્વચાનું પુનરુત્થાન કરે છે, જેનાથી ચહેરા પરની કરચલીઓ અને ખીલના દાગ ઓછા થાય છે અને તમારા ચહેરાને એક તાજો, નવો દેખાવ મળે છે. ફ્રેક્શનલ લેઝર ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તે નુકસાનગ્રસ્ત ત્વચા કોષોને ટાર્ગેટ અને વેપરાઇઝ કરે છે. આ ટ્રીટમેન્ટ કોલાજન ઉત્પાદનને વધારીને સમાન, પુનર્જીવિત થયેલી ત્વચા આપે છે.







**લાભો:**

- ત્વચાનું ટેક્સ્ચર અને રંગ સુધારે છે.
- કરચલીઓ અને ખીલના દાગ ઓછા કરે છે.
- વધુ તાજો અને યુવાન દેખાવ આપે છે.

## એર્બિયમ યાગ લેસર અને એર્બિયમ ગ્લાસ લેસર:

આ જોડી તમારી ત્વચા પર ચમત્કાર કરે છે! એર્બિયમ લેઝર્સ ચામડીને પુનઃજીવિત કરે છે, જેથી તમારી ત્વચા ચમકદાર બની જાય છે અને તે પણ એકદમ ઓછા સમયમાં.

લેઝર બીમનો ઉપયોગ કરીને તે ત્વચાના સરળ પરતોને દૂર કરે છે, કોલાજનનું ઉત્પાદન વધારે છે અને ત્વચાને ચુસ્ત બનાવે છે.






**લાભો:**

- ત્વચાને ચુસ્ત બનાવી તેને પુનઃજીવન આપે છે.
- સૂક્ષ્મ રેખાઓ અને કરચલીઓ ઘટાડે છે.
- ઝડપી રિકવરી સાથે ન્યુનતમ ડાઉનટાઇમ.

# હાઈફૂ
## સાથે ઉંમરના ચિન્હોને ઉંમરહીનતામાં રૂપાંતરિત કરો

## 04 ઇબીડી(ઊર્જા આધારિત ઉપકરણો)



સખિયા સ્કિન ક્લિનિકની સર્વોત્તમ ઊર્જા આધારિત ઉપકરણ ટ્રીટમેન્ટ્સ સાથે તમારી ત્વચાને ફરી જીવંત બનાવો! અમારી આધુનિક ટેકનોલોજીના જાદુનો અનુભવ કરો, જે અપ્રતિમ પરિણામોને સુનિશ્ચિત કરે છે. નિરસ ત્વચાને અલવિદા કહો અને ચમકદાર ચહેરાને હેલો કહો. આત્મવિશ્વાસ સાથે ચમકવાનો સમય આવી ગયો છે - કારણ કે સુંદરતા અમારી સાથે શરૂ થાય છે!

એનર્જી-બેઝડ ડિવાઈસીસ લેઝર ટ્રીટમેન્ટ ત્વચાની વિવિધ સમસ્યાઓ જેમ કે કરચલીઓ, દાગ અને પિગમેન્ટેશનને ટાર્ગેટ અને ટ્રીટ કરવા માટે લાઇટ અથવા રેડિયોફ્રીક્વન્સી જેવી વિવિધ પ્રકારની ઊર્જાનો ઉપયોગ કરે છે. તે ત્વચાને પુનર્જીવિત કરવા માટે ઉપયોગી અને અસરકારક છે.

## હાઈફૂ:

હાઈફૂની મદદ થી તમારી ત્વચાને ઊંચકીને એકદમ ભરાવદાર ચહેરો મેળવો! હાઈફૂ (હાઈ-ઇન્ટેન્સિટી ફોકસ્ડ અલ્ટ્રાસાઉન્ડ) ટ્રીટમેન્ટ ત્વચાની અંદર ઊંડે સુધી અલ્ટ્રાસાઉન્ડ ઊર્જા પહોંચાડે છે, ગાઢી ત્વચાના સ્તરોને ટાર્ગેટ કરે છે અને કોલાજનના ઉત્પાદનને ઉત્તેજિત કરે છે.









**લાભો:**

- વધુ યુવાન અને ઉંચકાયેલો દેખાવ આપે છે.
- જડબાની રેખા(જૉલાઇન) અને ડોકના દેખાવમાં સુધારો કરે છે.
- ઢીલાશ ભરેલી ત્વચાને ઉંચકવામાં અને ભરાવદાર બનાવામાં મદદ કરે છે.

## આર.એફ

રેડિયોફ્રીક્વન્સીનો જાદુ એક વાર અનુભવ કરવા જેવો છે. આર.એફ. (રેડિયોફ્રીક્વન્સી) ટ્રીટમેન્ટ ત્વચાના ઊંડા સ્તરોને ગરમ કરવા માટે રેડિયોફ્રીક્વન્સી ઊર્જાનો ઉપયોગ કરે છે, જેના પરિણામે કોલાજનનું ઉત્પાદનને વધે છે અને ઢીલી પડેલી ત્વચા ટાઇટ બને છે.









**લાભો:**

- ઢીલી પડેલી ત્વચાને કસાવે છે અને મજબૂત બનાવે છે.
- સેલ્યૂલાઇટના દેખાવને ઘટાડે છે.
- ત્વચાના લચીલાપણા અને રચનામાં સુધારો કરે છે.

## ક્રિઓલિપોલિસિસ:






ક્રિઓલિપોલિસિસ લેઝર ટ્રીટમેન્ટ, જે "ફેટ ફ્રીઝિંગ" તરીકે પણ ઓળખાય છે, જિદ્દી ચરબીને ટાર્ગેટ કરે છે અને તેને ખૂબજ ઠંડા તાપમાનમાં ઠંડક આપે છે. જેનાથી ચરબીની કોશિકાઓ ક્રિસ્ટાલાઇઝ થાય છે અને તે શરીરમાંથી પ્રાકૃતિક રીતે બહાર નીકળે છે.

**લાભો:**

- નોન-ઈન્વેઝિવ: શસ્ત્રક્રિયા અથવા સોયની જરૂરી નથી, જે જોખમ અને રિકવરીનો સમય ઘટાડે છે.
- ટાર્ગેટેડ ચરબીનો નાશ: આસપાસના ટીસ્યુને નુકસાન પહોંચાડ્યા વગર ખૂબજ ચોકસાઇથી ચરબીયુક્ત ભાગને ટાર્ગેટ કરવામાં આવે છે.
- અસરકારક: ટાર્ગેટેડ ચરબીમાં નોંધપાત્ર ઘટાડો થાય છે તેમજ પ્રાકૃતિક દેખાવ વાળા પરિણામો મળે છે.

## ઇ.એમ.એસ. ફોર બોડી શેપિંગ:







તમારા સ્વપ્નના શરીરનું શિલ્પ કરવા તૈયાર રહો! ઇ.એમ.એસ.(ઇલેક્ટ્રિકલ મસ્લ સ્ટિમ્યુલેશન) બોડી શેપિંગ માટે એક નોન-ઇન્વેઝિવ ટ્રીટમેન્ટ છે. જે સ્નાયુઓને સંકુચિત કરવા માટે ઇલેક્ટ્રિકલ ઇમ્પલ્સનો ઉપયોગ કરે છે જેમાં જિદ્દી ચરબીને ટાર્ગેટ કરી તે ભાગના સ્નાયુઓને યોગ્ય આકાર(ટોનિંગ) આપવામાં આવે છે.

**લાભો:**

- સ્નાયુઓને સુડોળ બનાવે છે જેના લીધે શરીરને એક સુંદર આકાર મળે છે.
- અક્કડ અને જિદ્દી ચરબીમાં નોંધપાત્ર ઘટાડો થાય છે.
- સ્નાયુઓની શક્તિ અને સહનશીલતા સુધારો થાય છે.

## કેવીટેશન:






ચરબી કોશિકાઓને એક ઝટકામાં જ ભગાડો! કેવીટેશન ટ્રીટમેન્ટ અલ્ટ્રાસાઉન્ડ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શરીરના ટાર્ગેટેડ વિસ્તારોમાં ચરબીની કોશિકાઓને તોડે છે. પરિણામે ચરબીમાં ઘટાડો થાય છે અને શરીર સુડોળ બને છે.

**લાભો:**

- શરીરના અમુક ભાગમાં જમા થયેલી ચરબીના પ્રમાણમાં ઘટાડો.
- શરીરના ટાર્ગેટેડ ભાગોની સુડોળતા અને આકારમાં સુધારો.
- લાઇપોસક્શનની સરખામણીમાં એક નોન-ઇન્વેઝિવ અને ન્યુનતમ ડાઉનટાઇમ વાળો વિકલ્પ.

## અન્ય લેઝર ઉપચારો:

અદ્યતન ટેકનોલોજી વાળી લેસર ટ્રિટમેન્ટ્સ સાથે સખીયા સ્કિન ક્લિનિક તમારી મનગમતી તેમજ શ્રેષ્ઠ જગ્યા છે. વેસ્ક્યુલર લેઝર, અલ્ટ્રાપલ્સ સીઓટુ લેઝર, એન્ડોલિફ્ટ અને ક્રિઓલિપોલિસિસ સાથે તમારી ત્વચા સાંભળના સર્વોત્તમ શિખરનો અનુભવ કરો. અહીંયા અમે લોકો સુંદરતા મેળવવાના અનુભવને સરળ અને મજેદાર બનાવીયે છે. તો ખામીઓને વિદાય આપો અને સુંદર ત્વચાને આવકાર આપો.

## 05 વેસ્ક્યુલર લેઝર:

દૃશ્યમાન(સામે દેખાતી) લોહીની નસો અને રોજેશિયા(ચહેરા પરના લાલ નિશાન)ને આવજો કહો! વેસ્ક્યુલર લેઝર ટ્રીટમેન્ટ લેઝર એનર્જીનો ઉપયોગ કરીને લાલ રંગના રક્તના નાળાં, ચહેરા પરની લાલાશ અને રોજેશિયા ટાર્ગેટ કરીને તેમની રક્ત વાહિનીઓનો નાશ કરે છે.




- સામે દેખાતા રક્તના નાળાં અને ચહેરા પરની લાલાશમાં ઘટાડો કરે છે.
- ત્વચાનો રંગ અને ટેક્સ્ચરમાં સુધારો કરે છે.
- સ્પષ્ટ અને શાંત ચહેરો આપે છે








સખીયા સ્કિન ક્લિનિકમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારના વેસ્ક્યુલર લેઝર્સ:






## પી.ડી.એલ. (પલ્સ ડાઇડ લેઝર):

સખીયા સ્કિન ક્લિનિકમાં પી.ડી.એલ.(પલ્સ ડાઇડ લેઝર)ની પરિવર્તનશીલ શક્તિ વિષે જાણો. કેન્દ્રિત લાઇટ બીમનો ઉપયોગ કરીને, તે વેસ્ક્યુલર સમસ્યાઓ જેવી કે રોજેશિયા અને સ્પાઇડર વેઇન્સને નાજુક રીતે દૂર કરે છે. આ ટ્રીટમેન્ટ તેના આશ્ચર્યજનક પરિણામો જેવાકે અદ્વિતીય ચોકસાઇ, આસપાસના ટીસ્યુમાં નહીંવત અસર, અને ઝડપી રિકવરી માટે જાણીતી છે.









**લાભો:**

- પિનપોઇન્ટ ચોકસાઇ: પી.ડી.એલ. એકદમ ચોક્સાઈથી બ્લડ વેસલ્સ ને ટાર્ગેટ કરે છે અને આસપાસના ટીસ્યુને નુકસાન પહોંચાડ્યા વગર અસરકારક ટ્રીટમેન્ટની ખાતરી આપે છે.
- ન્યુનતમ જોખમ: પી.ડી.એલ. ત્વચામાં થયેલ નુકસાનને ઘટાડે છે તેમજ અન્ય ટ્રીટમેન્ટની સરખામણીમાં ડાઘ અને પિગમેંટેશન રહી જવાના જોખમને ઘટાડે છે.
- ઝડપી રૂઝ: પી.ડી.એલ. ઝડપી રૂઝની ખાતરી આપે છે. જેના લીધે દર્દી અન્ય ટ્રિટમેન્ટ્સ કરતા જલ્દીથી તેમની દૈનિક ક્રિયાઓમાં ભાગ લઇ શકે છે.

## યેલો લેઝર:




અમારી નવીનતમ યેલ્લો લેસર ટ્રીટમેન્ટ સાથે ત્વચા સાંભળના શિખર સર કરો. આ ટ્રીટમેન્ટ જિદ્દી પિગ્મેન્ટેશન, તડકાના ડાઘ, તેમજ મેલાઝ્મા(ત્વચા પાર પડી ગયેલા કાલા ડાઘ)ને ખૂબજ ચોક્સાઈથી ટાર્ગેટ કરે છે. યેલ્લો લેસર એકદમ ઓછા ડાઉનટાઇમ સાથે અદભૂત પરિણામો આપે છે. તો રાહ કોની જુઓ છો? શ્રેષ્ઠ ડર્મેટોલોજિકલ કાળજીની સાથે તમારી ત્વચાની ચમક અને ધમક પછી મેળવો.







**લાભો:**

- ચોકસાઈથી ટાર્ગેટિંગ: યેલો લેઝર તડકાના ડાઘ અને મેલાઝ્મા જેવી પિગમેન્ટ સમસ્યાઓને ચોકસાઈથી દૂર કરે છે.
- ઓછો ડાઉનટાઇમ: અન્ય વિકલ્પોની તુલનામાં ઝડપી રિકવરી, જે તમારી નિયમિતની પ્રવૃતિઓમાં ઓછું વિક્ષેપ.
- વધુ સારી સ્પષ્ટતા: ચમકતી ત્વચા અને સુધારેલા ત્વચાના રંગ સાથે આત્મવિશ્વાસમાં વધારો.

---

## લૉંગ પલ્સ્ડ એન.ડી. યાગ:










એન.ડી.યાગ લેઝર એક સોલિડ-સ્ટેટ લેઝર છે જે ઇનફ્રારેડ જેવા તરંગો ઉત્પન્ન કરે છે.આ ટ્રીટમેન્ટ એવા વાસ્ક્યુલર લેસરની સારવાર કરે છે જે પરંપરાગત ઉપચાર દ્વારા દૂર નથી થઇ સકતા. આ લેસર 1,064-એનએમના તરંગો ત્વચાનું હિમોગ્લોબિનનું શોષણ કર્યા વગર ઊંડે સુધી જાય છે. આ ટ્રીટમેન્ટ નીચે જણાવેલ જખમો માટે આદર્શ છે:

- **લાભો:**
- ઊંડે સુધી દબાણ: ઊંડા વેસ્ક્યુલર જખ્મોની અસરકારક સારવાર.
- હિમોગ્લોબિનનું શોષણ: હિમોગ્લોબિનની ઊંચુ પ્રમાણ ધરાવતા જખ્મોને ટાર્ગેટ કરે છે.
- જાડા/ઊંડા જખ્મો માટે બેસ્ટ: જાડા અથવા ઊંડા વેસ્ક્યુલર જખ્મોની સારવાર માટે આદર્શ.
- ચહેરાથી દૂરના જખ્મો માટે યોગ્ય: ચહેરા પરથી દૂર આવેલા જખ્મો માટે યોગ્ય.
- પ્રતિરોધક જખ્મો: પ્રતિરોધક જખ્મો માટે પરંપરાગત થેરાપીઓ કરતા વધુ અસરકારક.

---

## આઈપીએલ:










તમારી ત્વચાને ચમક આપો! આઈ.પી.એલ. (ઇન્ટેન્સ પલ્સ્ડ લાઇટ) ટ્રીટમેન્ટ વિવિધ સમસ્યાઓ જેમ કે પિગ્મેન્ટેશન, તડકાથી થયેલું નુકસાન અને વેસ્ક્યુલર જખ્મોને દૂર કરવા માટે વ્યાપક-સ્પેક્ટ્રમ લાઇટ એનર્જીનો ઉપયોગ કરે છે.

- **લાભો:**
- ત્વચાનો રંગ અને ટેક્સચર સુધારે છે.
- પિગ્મેન્ટેશન અને સૂર્યના કિરણોથી થયેલું નુકસાન ઘટાડે છે.
- વધુ તેજસ્વી અને યુવાન દેખાવ આપે છે.

ફિલ્ટર્સ સારા છે,

# પરંતુ ઉત્તમ ત્વચા વધુ સારી છે.

## અલ્ટ્રાપલ્સ સી.ઓ.2 લેઝર:

ત્વચાના પરિવર્તનની જરૂર છે? અલ્ટ્રાપલ્સ સી.ઓ.2 લેઝરના અવિશ્વસનીય પરિણામો નો લાભ લો. તે કરચલીઓને સપાટ કરી ત્વચાને યુવાન દેખાવ આપે છે. આ એબલેટિવ સ્કિન રિસર્ફેસિંગ પ્રક્રિયા ઉચ્ચ-ઊર્જા લેઝર પલ્સનો ઉપયોગ કરીને નુકસાન થયેલા ત્વચાના સ્તરોને દૂર કરે છે, કોલાજેન ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે, તેમજ ત્વચાને યુવાન દેખાવ આપે છે.

**લાભો:**

- ચહેરાની કરચલીઓ અને બારીક રેખાઓને અવિશ્વસનીય રીતે ઘટાડે છે.
- ઢીલી ત્વચાને ટાઇટન અને પુનર્જીવિત કરે છે.
- ત્વચાની રચના અને રંગમાં નોંધપાત્ર સુધારો આપે છે.







## એન્ડોલિફ્ટ:

એન્ડોલિફ્ટ એ લેઝર ટેકનોલોજીના ઉપયોગથી ન્યુનતમ શસ્ત્રક્રિયા સાથે કરવામાં આવતી એક એવી ટ્રીટમેન્ટ છે જે ચહેરા અને ગળાની ઢીલી થયેલી ત્વચાને ટાઇટ અને ઊંચકે છે. આ ટ્રીટમેન્ટ શસ્ત્રક્રિયા વગરજ ફેસલિફ્ટ આપે છે.

**લાભો:**

- ઢીલી ત્વચાને લિફ્ટ અને ફર્મ કરે છે.
- જૉલાઇનના દેખાવ અને સ્વરૂપમાં સુધારો કરે છે.
- વધુ યુવાન અને તાજો દેખાવ આપે છે.











## લેસર હેર રિમૂવલ ટ્રિટમેન્ટ્સ તમારી ત્વચા પર કેવી રીતે કામ કરે છે?



## કેમ લેસર ટ્રિટમેન્ટ્સ તેજસ્વી ત્વચા મેળવવાનું ગુપ્ત હથિયાર છે?

લેસરના કિરણો તમારા જીવન માં સૂર્યપ્રકાશ જેવી રોશની આપશે. હેર રિમૂવલથી લઈને ત્વચાને નવો દેખાવ આપવા સુધી અને ખીલના ડાઘ હટાવવાથી લઈને દૃશ્યમાન નસો હટાવવા સુધી - ત્વચાને વધારે સુંદર બનાવવાની બધી ટ્રિટમેન્ટ્સનું મુખ્ય પાત્ર લેસર છે.

સખીયા સ્કિન ક્લિનિક તમારા માટે બધાજ પ્રકારની લેઝર ટ્રીટમેન્ટ્સ લાવી રહી છે. શું તમે તમારી નવી અને ચમકદાર ઓળખ મેળવવા તૈયાર છો? આ અદ્ભુત લાભો આજે મેળવો:


BEFORE


AFTER

**લેઝરની શક્તિઓનો અનુભવ કરો:**
અનિચ્છનીય વાળને અલવિદા કહો અને તમારી ત્વચાનો કાયાકલ્પ કરો. લેસર ટ્રિટમેન્ટ્સ તમારી ત્વચાસંભાળ માટેનો એકમાત્ર સુપરહીરો છે.

**અંદરની ચમકને ઉજાગર કરો:**
ખીલના ડાઘ હોય, પિગમેંટેશન હોય, કે પછી દૃશ્યમાન નસો હોય - લેસર ટ્રિટમેન્ટ્સ આ બધી અસમાનતાઓને ચોક્સાઈથી દૂર કરે છે અને તમને આપે છે ચાંદી જેવી ચમકતી ત્વચા.

**પરિવર્તનકારી પરિણામો:**
આપની ત્વચા પર લેઝર ટેકનોલોજીની જાદુગરી અનુભવો અને એવી સાફ-સુથરી અને સુંવાળી ચામડી મેળવો જે તમને એક તેજસ્વી તારા જેવી ચમક આપશે.

**ઝડપી અને અસરકારક પરિણામો:**
કંટાળાજનક અને લાંબા બ્યૂટી ટ્રીટમેન્ટ માટે કોઈ પાસે સમય નથી. લેઝર ટ્રીટમેન્ટ્સ ઝડપી અને ખૂબજ અસરકારક છે જે આપની વ્યસ્ત જીવનશૈલીમાં એકદમ ફિટ બેસી જાય છે.

# લેસર હેર રિમૂવલ વડે સિલ્કી સ્મૂધ સ્કિન હાંસલ કરો


લેસર હેર રિમુવલની મદદથી રેશમી ત્વચા મેળવો. આ ટ્રીટમેન્ટ પ્રકાશના કિરણોનો ઉપયોગ કરી અણગમતા વાળ દૂર કરે છે. પ્રકાશના કિરણો વાળમાં જઈને તેના મૂળને નુકસાન કરે છે અને તેને ફરીથી વધતા રોકે છે. લેસર હેર રિમુવલના આશ્ચર્યજનક લાભો કંઈક આવા છે:

**ચોખ્ખી, રૂંવાટી-રહિત ત્વચા:** શેવિંગ અને વેક્સિંગની મુશ્કેલીઓમાંથી હંમેશા માટે મુક્ત થાઓ.
**લાંબા સમય સુધી અસરકારક:** રૂંવાટી લાંબા સમય સુધી ફરી આવતી નથી.
**અંદરથી રૂંવાટી વધવા દેતા નથી:** રૂંવાટીની અંદરની પીડાદાયક ગાંઠો અને ઉદ્વેગથી મુક્ત થાઓ.

આહ! આ તો ખરેખર એક લેઝર યાત્રા હતી, નહી? સખીયા સ્કિન ક્લિનિકમાં, અમે તમારી અંદરની ચમકને બહાર લાવવામાં તેમજ આત્મવિશ્વાસ સાથે તમારા સૌંદર્યને સ્વીકારવામાં મદદ કરીયે છે. તો તમે લેઝર ટ્રીટમેન્ટના અનગિનત લાભો મેળવવા માટે તૈયાર છો? આજે જ તમારી મુલાકાત બુક કરો તમારી એપોઇન્ટમેન્ટ. આ તેજસ્વી યાત્રામાં સાથે મળીને આગળ વધીએ!

આગલીવાર સુધી, તેજસ્વી રહો,
ચમકતા રહો!








## અમારા ક્લિનિક્સ:

**સુરત (8 ક્લિનિક્સ) | અમદાવાદ (5 ક્લિનિક્સ) | રાજકોટ (2 ક્લિનિક્સ) | વડોદરા | નવ દિલ્હી | રાયપુર | પુણે | મુંબઈ | અંકલેશ્વર | આણંદ | બારડોલી | નવસારી | વલસાડ | વાપી | ભરૂચ | નંદુરબાર અને અનેક વધુ ક્લિનિક્સ ટૂંક સમયમાં આવી રહ્યાં છે.**

બારેમાસ ખીલતા બગીચાના ફૂલોની જેમ તમારું સૌંદર્ય ખીલતું રહે. અને આ ખીલેલા સૌંદર્યની ચમક તમારી ત્વચા સંભાળની યાત્રામાં તમને માર્ગદર્શન આપતી રહે. ત્યાં સુધી, અમારી આગળની આવૃત્તિની રાહ જુવો.